# ભાજપની રાષ્ટ્રીય પરિષદની ૯મીએ બેઠક

ગાંધીનગર, તા. ૨૮

ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની ૯મી ઓગષ્ટના રોજ બેઠક મળ્યા બાદ પ્રદેશ સંગઠન માળખામાં આંશીક ફેરફારો કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે અમીત શાહની વરણી કરવામાં આવ્યા બાદ તેમના નેતૃત્વમાં પહેલીવાર ભાજપની રાષ્ટ્રીય પાર્લામેન્ટરી બોર્ડની બેઠક મળનાર છે.

અમીત શાહ ભાજપ પ્રમુખ બન્યા બાદ ૯મી ઓગષ્ટના રોજ મળનારી બેઠક બાદ ભાજપના રાષ્ટ્રીય સંગઠન માળખામાં ધરખમ ફેરફારો કરીને અમીત શાહ પોતાની નવી યુવા ટીમની જાહેરાત કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપના રાષ્ટ્રીય સંગઠન માળખામાં ફેરફારો કરવામાં આવ્યા બાદ પ્રદેશ સંગઠન માળખામાં ખાલી રહેલી કેટલીક જગ્યાઓ ભરવામાં આવશે તેની સાથે પ્રદેશ સંગઠન માળખામાં પણ કેટલાક આંશીક ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ અમીત શાહ પોતાની ટીમમાં રાજીવ પ્રતાપ રૂડી, રાય માધવ, વરૂણ ગાંધી સહીતના કેટલાક યુવા ચહેરાઓને સ્થાન આપીને યુવાનોને રાષ્ટ્રીયકક્ષાએ એક તક આપીને સંગઠન માળખાને વધુ મજબુત બનાવવાનો પ્રયાસ કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ વર્ષે બે થી ત્રણ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી હોઈ આ ચૂંટણીઓને ધ્યાને રાખીને આ રાજ્યોના પ્રદેશ સંગઠન માળખાઓમાં પણ આંશીક ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ગુજરાત ભાજપના સંગઠન માળખામાં કોઈ મોટો ફેરફારોની શકયતા નથી પરંતુ ખાલી જગ્યાઓ પર નિમણુંક કરીને આંશીક ફેરફારો કરાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.



ખેડબ્રહ્માના દામાવાસ કંપા પ્રાથમિક શાળામાં શ્રાવણના પ્રથમ સોમવારે તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. મુસ્લિમ અગ્રણી નજીરભાઈ દ્વારા તિથિ ભોજન અપાતા શાળાના ૪૦૦ વિદ્યાર્થીઓએ તેનો લાભ લીધો. નજીરભાઈ છેલ્લા કેટલાય વર્ષોથી શ્રાવણ માસના પ્રથમ સોમવારે શાળાના બાળકોને ભોજન આપી ઉમદા માનવ સેવા કરી રહ્યા છે. આ પ્રસંગે શાળા સમિતિના અધ્યક્ષ લખમશીભાઈ તથા શાળા પરીવારે ભોજનદાતાનો આભાર વ્યકત કર્યો હતો. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

## ગુણ સુધારા સંદર્ભે સાતમી સુધી અરજીઓ થઈ શકશે

અમદાવાદ, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ-૨૦૧૪માં ધોરણ-૧૦ની પુરક પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામ આગામી ૩૧ જુલાઈ ગુરૂવારના રોજ જાહેર કરવામાં આવશે. રાજ્યની દરેક માધ્યમિક શાળાઓએ ગુરૂવારે સવારે ૧૧:૦૦ થી ૧૬:૦૦ કલાક દરમિયાન જિલ્લા વિતરણ કેન્દ્રએ પોતાની શાળાનો પ્રતિનિધી મોકલીને પોતાની શાળાના વિદ્યાર્થીઓના પરિણામ મેળવી લેવાના રહેશે. નિયત સમયે જે શાળાઓ તેમની શાળાના વિદ્યાર્થીઓની માર્કશીટ મેળવી શકશે નહીં તેમના માટે બીજા દિવસે પણ માર્કશીટ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

પરિણામ આવ્યા બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી માટે અરજી કરવા માંગતા હોય તેવા ઉમેદવારોએ પોતાની અરજીઓ ૭ ઓગસ્ટ ૨૦૧૪ સુધી શિક્ષણ બોર્ડની વડોદરા સ્થિત કચેરી ખાતે મોકલવાની રહેશે. ઉમેદવારો બોર્ડની કચેરીએ રૂબરૂ અથવા બોસ્ટથી ડિમાન્ડ ડ્રાફ્ટ સાથે પોતાની અરજી મોકલી શકશે. ઉલ્લેખનીય છે કે શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૧૪માં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષામાં એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓનું વર્ષ ન બગડે તે માટે જુલાઈ-૨૦૧૪માં પુરક પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાનું પરિણામે ૩૧મી જુલાઈ ૨૦૧૪ના રોજ જાહેર કરવામાં આવશે.

# છેલ્લા ચોવીસ કલાકમાં રાજ્યના ૧૨૬ તાલુકામાં વરસાદ

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજ્યના ૨૯ જિલ્લાના ૧૨૬ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૧૨૨ મી.મી. જેટલો ભારે વરસાદ પડવા પામ્યો છે.

રાજ્ય પુર નિયંત્રણ કક્ષના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે સવારે સાત વાગ્યે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જૂનાગઢ, નર્મદા, ભરૂચ, ચાપી, વલસાડ, ડાંગ, સુરત, વડોદરા જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદ નોંધાવા પામ્યો છે.

વલસાડ જિલ્લાના ઉમરગામમાં ૧૨૨ મી.મી., ભરૂચ જિલ્લાના નેત્રંગમાં ૧૨૧ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે ૧૨૩ જેટલા તાલુકાઓમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે દિવસ દરમ્યાન પણ રાજ્યના કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ નોંધાવા પામ્યો છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ વર્ષે વરસાદ વિલંબથી અને ઓછો થવા પામ્યો છે. જેના કારણે રાજ્યમાં આ વર્ષે સરેરાશ વરસાદ સાથે અત્યાર સુધીમાં માત્ર ૩૨.૭૭ ટકા જેટલો જ વરસાદ નોંધાવા પામ્યો છે.

કચ્છ રીઝીયનમાં આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૨૪.૨૯ ટકા ઉત્તર ગુજરાતમાં ૨૫.૨૧ ટકા, મધ્ય ગુજરાતમાં ૩૩.૮૪ ટકા, સૌરાષ્ટ્ર રીઝીયનમાં ૩૯.૧૪ ટકા અને દક્ષિણ ગુજરાતમાં માત્ર ૨૯ ટકા જ વરસાદ નોંધાવા પામ્યો છે.

## શબ્દાવલી - ૫૪૬૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | ■ | | ■ | ૬ | | |
| ૭ | | ૮ | | ■ | | ■ | |
| | ■ | | ■ | ૯ | | ૧૦ | |
| ■ | ૧૧ | | | ■ | ■ | | ■ |
| ૧૨ | | | ■ | ૧૩ | | | ૧૪ |
| | ■ | ■ | ૧૫ | | ■ | ૧૬ | |
| ૧૭ | | | ■ | ૧૮ | | ■ | |

### આડી ચાવી

૧. એક સુંદર ફુલ છોડ (૪)
૩. પાપ (૩)
૬. કદી નહીં, કયારેક નહીં(૩)
૭. મકાનની આગળને ચણેલો ભાગ (૪)
૯. સોંસરવું (૪)
૧૧. આધાર (૩)
૧૨. મા ખોડિયારનું વાહન (૩)
૧૩. એક પ્રખ્યાત ગઢવી (૪)
૧૫. ધરતી (૨)
૧૭. પાણી જવાનો રસ્તો (૨)
૧૮. નળી, પાઇપ (૨)

### ઊભી ચાવી

૧. ઐતિહાસિક લડાઇનું મેદાન (૪)
૨. ચક્કર, અંધારા (૩)
૩. કન્યો પરણતી વખતે પહેરવાની સાડી (૪)
૪. તમારું (૨)
૫. એક વાદ્ય (૪)
૮. હવાલદાર, થાણાનો ઉપરી (૪)
૧૦. પાનની ડબ્બી (૪)
૧૧. એક કઠોળ (૨)
૧૨. માળ, મેડો (૩)
૧૩. પરેશાન (૩)
૧૪. નહિતર, નહિ તો (૩)

### શબ્દાવલી ૫૪૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) મગરૂરી (૪) નીરવ (૬) ધિતકાર (૮) લગીર (૧૦) પણ (૧૧) પાંડુ (૧૨) હેત (૧૩) વાદી (૧૪) ધરા (૧૫) વાલી (૧૬) રોનક (૧૮) હગડ (૧૯) કીલર (૨૦) આરતિ

**ઊભી ચાવી :-** (૧) મજાલ (૨) રૂધિર (૩) રીત (૪) નીરણ (૫) વસાહત (૭) કાપડું (૯) ગીરદી (૧૧) પાંચાલી (૧૨) હેરાનગતિ (૧૩) વાલમીકી (૧૪) ધરોહર (૧૫) વાનર (૧૭) કડ

## એશિયન બેરિયાટ્રિક્સ દ્વારા ૬૦ વર્ષની ૨૬૦ કિલો વજન ધરાવતી બેંગ્લોર નિવાસી મહિલા ઉપર સફળ બેરિયાટ્રિક સર્જરી કરાઈ

### આ દર્દીને દેશની જાણીતી તબીબી સંસ્થાએ ઓપરેશન જોખમી ગણાવી શસ્ત્રક્રિયાનો ઈન્કાર કરી દીધો હતો

ઉચ્ચ સ્તરની નિપુણતા ધરાવતા બેરિયાટ્રિક સર્જરી સેન્ટર તરીકેની પોતાની છાપ જાળવી રાખીને અમદાવાદના એશિયન બેરિયાટ્રિક્સે ૬૦ વર્ષની ઉંમરની મહિલા કે જેને રાષ્ટ્રિય સ્તરની હોસ્પિટલે ઓપરેશન જોખમી ગણાવીને શસ્ત્રક્રિયા કરવાનો ઈન્કાર કરી દીધો હતો. તેની સફળતાપૂર્વક તેની બેરિયાટ્રિક સર્જરી કરી છે.

ઝૂબેદા બેગમ નામની આ સ્ત્રી બેંગ્લોરમાં રહે છે અને ઓપરેશન પહેલાં તેનું વજન ૨૬૦ કી.ગ્રા. હતું. છેલ્લા ૪ મહિનાથી તે પથારીવશ હતી અને તેના શરીરે ચકામા પડી ગયા હતા. માર્ચ મહિનામાં તેને રાષ્ટ્રિય સ્તરની તબીબી સંસ્થામાં તેની બેરિયાટ્રિક સર્જરી દ્વારા સારવાર કરવા માટે બેંગ્લોરમાં દાખલ કરાઈ હતી. ઓપરેશનના ભાગરૂપે તેને ૩૦ દિવસ સુધી હોસ્પિટલમાં રખાયા હતા, પણ આટલો બધો સમય વિત્યા પછી ડોક્ટરોની ટીમે શસ્ત્રક્રિયાને જોખમી ગણાવી હોસ્પિટલમાં ઓપરેશન કરવાની ના પાડી દીધી ત્યારે તેમને ઘણો આઘાત લાગ્યો હતો. ઝૂબેદાને શ્વાસની સમસ્યા, હાઈપોથાઈરોઈડ, એડ્રિનલ ઈનસફીશ્યન્સી, હાઈપો ટેન્શન, ડાયાબીટીસ મેલિટસ અને પલ્મોનરી હાઈપર ટેન્શન જેવી અન્ય બિમારીઓ પણ હતી. આવી આઘાતની પરિસ્થિતિ વચ્ચે કોઈ શુભેચ્છકે તેમને અમદાવાદની એશિયન બેરિયાટ્રિક્સનો સંપર્ક કરવા જણાવ્યું પરંતુ તેમની કથળતી જતી તબિયત જોઈને ઍર એમ્બ્યુલન્સની કંપની પણ અમદાવાદ લઈ જવા તૈયાર ન થઈ. આમ છતાં પોતાની સમસ્યાઓનો ઉકેલ શોધવા માટે તેમણે એમ્બ્યુલન્સ વાનમાં અમદાવાદ આવવાનું પસંદ કર્યું અને તેઓ ગુજરાતના અગ્રણી બેરિયાટ્રિક સેન્ટર સુધી પહોંચી ગયા.

તેમને ૨૦ દિવસ સુધી નિરીક્ષણ હેઠળ રાખ્યા પછી એશિયન બેરિયાટ્રિક્સના ડિરેક્ટર ડો. મનિષ ખેતાને આખરે તા.૨ જુલાઈ, ૨૦૧૪ના રોજ તેમનું ઓપરેશન કર્યું જે ખૂબ જ સફળ નિવડ્યું અને હવે તે સાજા થઈ રહ્યા છે. એક સમયે સંપૂર્ણ પથારીવશ ઝૂબેદા હવે દિવસમાં બે વખત ઉભા થઈ શકે છે. ઝૂબેદાબેનનો પુત્ર શ્રી અયાઝ ઈબ્રાહીમ ડો. ખેતાન પ્રત્યે અહોભાવ અને આભારની લાગણી વ્યક્ત કરતાં જણાવે છે કે ''ડો. ખેતાન અમારા માટે ભગવાન સમાન છે, કારણ કે અન્ય સંસ્થાએ ઓપરેશન જોખમી ગણાવી શસ્ત્રક્રિયા કરવાનો ઈન્કાર કરી દીધો ત્યારે અમે તમામ આશા ગુમાવી દીધી હતી. અમે અસહાય બની ગયા હતા અને હું મારી માતાની હાલત જોઈ શકતો ન હતો, પણ ડો. ખેતાને મારી માતાને સફળ ઓપરેશન દ્વારા નવું જીવતદાન આપ્યું છે. જે લોકો અતિ મેદસ્વીતાથી પિડાઈ રહ્યા છે તેવી તમામ વ્યક્તિઓ માટે એશિયન બેરિયાટ્રિક્સ એ સાચા અર્થમાં આશાનું કિરણ છે.'' એશિયન બેરિયાટ્રિક્સ એ અતિ મેદસ્વીતા અને ગેસ્ટ્રો ઈન્ટેન્સ્ટીનલ સમસ્યાઓની સારવાર માટે અતિ આધુનિક ટેકનોલોજી અને વિસ્તૃત પેશન્ટ કૅર સર્વિસીસ પૂરી પાડતી અદ્યતન હોસ્પિટલ છે, જ્યાં ભારતના ત્રણ અગ્રણી સર્જન્સ ડો. મહેન્દ્ર નરવરીયા, ડો. સંજય પટોલિયા અને ડો. મનિષ ખેતાન સારવાર પૂરી પાડે છે. (વધુ માહિતી માટે કૃપયા સંપર્ક કરો : એશિયન બેરિયાટ્રિક્સ, રાજપથ કલબ સામે, એસજી હાઈવૅ, અમદાવાદ, ગુજરાતનો ૦૭૯-૬૬૫૫૬૬૫૫)





## મોડાસા શહેરમાં હર હર મહાદેવનો નાદ ગુંજી ઉઠયો

આજે શ્રાવણ માસનો બીજો દિવસ અને શ્રાવણ માસમાં અનેરુ અને વિશેષ મહત્વ ધરાવતા સોમવારની સવારથી મોડાસામાં આવેલ શિવાલયોમાં પરોઢીયે ૪ વાગ્યાથી જ ભકતો શિવમંદિરોમાં પહોંચી જઈ શિવ ભકિતમાં લીન થઈ ગયા હતા. જેથી દરેક મહાદેવના મંદિરો હર હર મહાદેવના વાતાવરણથી ભકિતમય થઈ ગયા હતા તેમજ મંદિરોમાં ગાજી ઉઠતાં ઘંટનાદથી વાતાવરણ પ્રફુલ્લીત અને ભકિતમય બની ગયું હતું. જાણે આખા મોડાસા શહેરના હિન્દુ સમાજના લોકો શ્રાવણ માસના શરૂઆતમાં જ રંગે રંગાઈ ગયેલા જોવા મળતા હતા. મોડાસા શહેરમાં આવેલ ગેબીનાથ મહાદેવ, કાશી વિશ્વનાથ મહાદેવ, ઓધારી માતાના મંદિરમાં આવેલ શિવાલયમાં ખુબ જ મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડયા હતા.

# ઉચ્ચતર માધ્યમિકમાં ૩૨૭ શિક્ષકોની ટૂંકમાં ભરતી થશે

## શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં વર્ષ ૨૦૧૧માં ટાટની પરીક્ષા પાસ કરનાર કુલ ૪૫,૦૦૦ ઉમેદવારોને બાકાત રખાયા

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતી માટેની જાહેરાત કરવામાં આવી છે. જેમાં અરજી કરવા માટે ટાટની પરીક્ષા પાસ કરવી ફરજીયાત છે પરંતુ ૨૦૧૧માં ટાટની પરીક્ષા પાસ કરેલી હોય તેવા ઉમેદવારોને વેલીડ ગણવામાં આવતી નથી. જેના કારણે રાજ્યના અનેક ટાટ પાસ બેકાર ઉમેદવારો આ ભરતીમાં ભાગ લઈ શકશે નહીં. બીજી બાજુ ગ્રાન્ટેડ શાળાઓમાં ૮૮૨ જગ્યાઓ ભરવાની બાકી છે જે મંથરગતિએ પ્રક્રિયા ચાલતી હોવાથી નોકરી વાંચ્છુઓમાં રોષ ફેલાયો છે.

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ઉચ્ચતર માધ્યમિક માટેની ૩૨૭ જગ્યાઓ ભરવા માટેની જાહેરાત આપવામાં આવી છે. આ ભરતીમાં ભાગ લેવા માટે ઉમેદવારે ટાટની પરીક્ષા પાસ કરેલ હોવી ફરજીયાત છે. જો કે વર્ષ ૨૦૧૧માં ટાટની પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોને આ ભરતીમાં વેલીડ ગણવામાં આવ્યા નથી. વર્ષ ૨૦૧૧માં ગુજરાતભરમાંથી ૪૫ હજાર વિદ્યાર્થીઓએ ટાટની પરીક્ષા આપી હતી. જેની સામે માત્ર ૧૫ ઉમેદવારોની જ ભરતી કરવામાં આવી હતી.

બાકીના વિદ્યાર્થીઓના મેરીટ લીસ્ટમાં નામ આવ્યા ન હતા ત્યારે ફરી ટાટની પરીક્ષા ૨૦૧૪માં લેવાયેલી છે. જેમાં અગાઉ વિદ્યાર્થીઓએ અગાઉ ટાટની પરીક્ષા આવેલ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી ન હતી. એક વખત ટાટની પરીક્ષા પાસ કરી લીધા બાદ બીજી વખત પરીક્ષા પાસ કરવાનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવેલ નથી. ત્યારે ચાલુ વર્ષે ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૩૨૭ શિક્ષકોની જગ્યાઓ ભરવા માટેની અરજી મંગાવવામાં આવી હતી ત્યારે આ ભરતી માટે ફોર્મ ભરવા ગયેલા કેટલાક ઉમેદવારનું ફોર્મ તેમણે ૨૦૧૧માં ટાટની પરીક્ષા પાસ કરેલ હોવાથી ફોર્મ સ્વીકારયા ન હતા. આ ઉમેદવારોને સ્પષ્ટ પણે જણાવાઈ દેવાયું હતું કે ભરતીમાં ભાગ લેવા માટે વર્ષ ૨૦૧૪માં ટાટની પરીક્ષા પાસ કરેલ હોવી ફરજીયાત છે. જેના પગલે લાંબા સમયથી ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષકોની ભરતીની રાહ જોઈ રહેલ ૪૫,૦૦૦ વિદ્યાર્થીઓમાં નિરાશા વ્યાપી ગઈ હતી.



પોલીસ તંત્ર દ્વારા રોજ દારૂ પકડાયાની વાતો પ્રસારીત થાય છે. પરંતુ શહેરમાં જ બફામ રીતે દારૂની રેલમ છેલમ ચાલે છે. તેની સાબિતી રૂપે નગરનાં મુખ્ય માર્ગો પર દારૂની ખાલી બોટલો જોવા મળે ત્યારે અચુક પ્રશ્નાર્થ થાય જ કે રોકટોક નથી કે રહેમનજર છે...? (તસવીર : કશ્યપ નિમાવત)

## પાર્કિંગ વ્યવસ્થાને

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિહાળી હતી. તેમણે તેમની આ પ્રથમ મુલાકાતમાં જ સિવીલના પ્રશ્નોને લઈ દાખવેલા રચનાત્મક અભિગમને લઈ સિવીલ કર્મચારીઓએ રાહતની લાગણી સાથે સંતોષ વ્યકત કર્યો હતો. જિલ્લા કલેકટરશ્રી દ્વારા લાંબા સમય બાદ સિવીલના પ્રશ્નોને લઈ સિવીલની મુલાકાત લીધી હોય તેવી ઘટના હોવાથી સૌ કર્મચારી આલમમાં સોપો પડી ગયો હતો.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે સેવાઓને ગુણવત્તાસભર બનાવવા તેમજ સેવાઓના સઘનીકરણ પર વિશેષ ભાર મૂકયો હતો. તેમણે જણાવ્યું હતું કે કેટલી જગ્યાઓ ખાલી છે? સ્વચ્છતામાં કયાં શુ કમી છે? તેના શું કારણો છે? દવાઓના જથ્થામાં કેટલી ખુટે છે? ગરીબોને શકય હોય ત્યાં સુધી સિવીલમાંથી જ દવા ઉપલબ્ધ બને તે દિશામાં વિચારવું જોઈએ તેવો આગ્રહ પણ તેમણે રાખ્યો હતો.

જિલ્લા કલેકટરશ્રીએ ઓ.પી.ડી.ની લાઈનો માટે વિશેષ વ્યવસ્થા શું થઈ શકે? તે બાબતે પણ તબીબો પાસેથી અભિપ્રાય મેળવી તેની વિગતો આપવા સિવીલ સુપ્રિટેન્ડન્ટને જણાવ્યું હતું.

સિવીલ હોસ્પિટલના પાર્કિંગની સમસ્યા અંગે કલેકટરશ્રીએ નાનામાં નાની વિગતોની જાણકારી મેળવી હતી. તેમણે આ સમસ્યાના ઉકેલ માટે વિભાગીય પોલીસ અધિકારીશ્રી જેઠવાને તાત્કાલિક સિવીલના અધિકારીઓ સાથે બેઠક કરી પાર્કિંગની વ્યવસ્થાને વધુ સારી કેવી રીતે બનાવી શકાય તે વિશેની કાર્ય યોજના તૈયાર કરવા સૂચવ્યું હતું.

સિવીલ હોસ્પિટલની પાર્કિંગ વ્યવસ્થામાં દર્દીઓ અને તબીબી અધિકારીઓ તેમજ દર્દીના સ્નેહીજનોના વાહનોનો ખડકલો થતો હોવાથી ઘણી વાર એમ્બ્યુલન્સ માટે પણ તકલીફ પડે છે.

જિલ્લા કલેકટરશ્રીએ વિઝીટર્સના વ્હીકલ માટે તેમજ તબીબી અધિકારીઓના વ્હીકલ સહિતના પાર્કિંગ માટેની વિશાળ જગ્યાનો સદુપયોગ કરવા પર ભાર મુકયો હતો. તેમણે જરૂર પડયે અહીં થોડા દિવસ ટ્રાફિક પોલીસનો હંગામી પોઈન્ટ બનાવી શકાય કે કેમ? તેવો પણ નિર્દેશ આપી આખી પાર્કિંગ સિસ્ટમને આધુનિક બનાવવા પર ભાર મુકયો હતો.

તેમણે આ માટે આઉટ સોર્સીંગ એજન્સીને વિશેષ જવાબદારી સાથે કામગીરી સુપ્રત કરવી જોઈએ તેવો આગ્રહ પણ સેવ્યો હતો.

## સોમવારે શિવાલયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત શહેરના અન્ય શિવાલયો જેમ કે સેક્ટર-૧૬ ના સોમનાથ મહાદેવ, સે. ૬ના ચંદ્રમૌલેશ્વર મહાદેવ, સે. ૩ ના રામેશ્વર મહાદેવ, સે. ૪ના ઓમકારેશ્વર અને સે. ૮ના સમર્થેશ્વર મહાદેવ સહિત અનેક શિવાલયોમાં ભક્તોની મેદની હકડેઠઠ ઉમટી હતી. શિવમંદિરોમાં પૂજા-અર્ચના સાથે અનેક પ્રકારના વિધિ-વિધાન પણ યોજવામાં આવ્યા હતા. શ્રાવણ માસમાં સોમવારનું ખાસ મહત્વ હોય છે. અને સોમવારે શિવાલયોમાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. આજે વિદ્યાર્થીઓએ પણ મહાદેવજીના મંદિરે સારા પરિણામો માટે આશિર્વાદ માંગ્યા હતા તો અનેક યુવાન-યુવતિઓએ પણ ભગવાન ભોળાનાથના ચરણોમાં શીશ નમાવ્યું હતું.

## કર્મચારીઓની રેલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઘ-૩ સત્યાગ્રહ છાવણી સુધી રેલી કાઢી હતી જેમાં મહિલાઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી હતી. આ તબક્કે કર્મચારી મહામંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા તેમજ પ્રવકતા અમરસિંહ ચાવડાએ જણાવ્યું હતું કે કર્મચારીઓના પગાર વધારવા ઉપરાંત એન.જી.ઓ.ની દખલગીરી બંધ કરવા અને નિયત વય મર્યાદા ૫૮ના બદલે ૬૦ વર્ષ સુધીની કરવાની મુખ્ય માંગણીઓ સંદર્ભે અગાઉ પણ આવેદનપત્ર આપવામાં આવ્યું છે જયારે આજે પણ આ મામલે સરકારને રજૂઆત કરવામાં આવી છે. રેલીના અંતે સત્યાગ્રહ છાવણી ખાતે પ્રમુખે પ્રશ્નો નહીં ઉકેલાય તો આત્મવિલોપન કરીશ તેવી ચિમકી ઉચ્ચારતા સ્થાનિક પોલીસે પ્રમુખ સહીત બેની અટકાયત કરી હતી.

## વિચારસભા....

● બીજા પાનાનું ચાલુ

ગાંધીનગરમાં આ ઉપરાંત શિવરંજની સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળ અને આ પ્રકારની અન્ય ઘણી સંસ્થાઓ સક્રિય રીતે કાર્યરત છે! આપણા જીવનમાં નાવિન્ય લાવનાર આ તમામ સંસ્થાઓને આપણે આભાર માનીએ તેટલો ઓછો!

ચંદીગઢ અને ગાંધીનગર એ બંને શહેરોનો વિકાસ આયોજનપૂર્વક થયો છે. પ્રથમ શહેરનું આયોજન અને ત્યારબાદ આ બંને જગ્યાઓએ વસવાટનો ધબકાર શરૂ થયો. આથી, સ્વાભાવિક રીતે જ આયોજન કરવાની અને તે આયોજન પ્રમાણે શહેરનો વિકાસ કરવાની એક તક તંત્ર અને લોકો સમક્ષ હતી. એવો સંતોષ ચોક્કસ લઇ શકાય કે આપણે મહદંશે એ કસોટીમાં પાર ઉતર્યા છી. પરંતુ, શહેરનો વિકાસ એ કોઇ સ્થિર બાબત નથી. આ પૂરી પ્રક્રિયા એક સતત ચાલતી રહેતી Dynamic Process છે. શહેરોનાં વિકાસની બાબતમાં દુનિયાનાં અનેક સ્થળોની પ્રેરણા લઇ શકાય છે એ બાબત પણ સૌના ધ્યાનમાં આવી છે. માત્ર નાણાંકીય આયોજન કરવાથી જ હેતું નહીં સરે પરંતુ, આ આયોજનની સાથોસાથ અમલીકરણની ચોક્કસ વ્યવસ્થાને પણ પરિણામલક્ષી બનાવવી પડશે. શહેરમાં મહાનગરલાલિકાની સ્થાપના લાંબા સમય પછી કરવામાં આવી. શહેરના નાગરિકો માટે આ બાબત એક તક તથા પડકાર સમાન પણ બની છે. તક એટલા માટે છે કે નાગરિકોને પણ ચૂંટણી માધ્યમથી શહેરના વહીવટમાં હિસ્સેદારી કરવાનો હક મળેલો છે. પડકાર એટલા માટે છે કે જો આ વ્યવસ્થામાં જાગૃત નાગરિકો સક્રિય રીતે જોડાશે નહિ તો તેના ઇચ્છિત પરિણામો મેળવી શકાશે નહીં. મોટી સંખ્યામાં રહેતા નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીઓનો પણ એક ચોક્કસ રોલ અને અવાજ શહેરના વહીવટમાં હોય તો એ કદાચ વિશેષ પરિણામલક્ષી બની શકે કારણ કે નિવૃત્ત થયેલા લોકો પાસે અનુભવોનો એક મોટો ખજાનો રહેલો છે. નાગરિકોની શક્તિ શહેરના વિકાસમાં કેવી રીતે જોડી શકાય તેનો વિચાર મોટા ભાગના લોકો કરે તો જરૂર કોઇ ઉપાય હાથ લાગી શકે. આજે પણ આ બાબત થતી તો હશે પરંતુ તેને વિશેષ અસરકારક અને Visible બનાવવી જરૂરી લાગે છે. આ કામ ગાંધીનગરાઓએ જ કરવું પડે. દેશ આઝાદ થયો તે પવિત્ર મહિનામાં આ શહેરની સ્થિતિ વધારે સારી કરવા અંગે તેને લાખ લાખ શુભકામનાઓ!